આકાશવાણી, અમદાવાદ

20-11-2026 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

CM DAHOD VISIT

દાહોદના પ્રવાસના ત્રીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગરબાડા તાલુકાના પાટા ડુંગરી ખાતે ઠક્કરબાપા સરોવરની મુલાકાત લીધી. દરમિયાન તેમણે સરોવરના વિસ્તાર, જળસંગ્રહની ક્ષમતા, પાણીના જથ્થા અને વિતરણની વ્યવસ્થાની માહિતી મેળવી હતી. આ ઉપરાંત શ્રી પટેલે સ્થાનિક માછીમારો સાથે સંવાદ કર્યો. તેમજ માછીમારોની દરરોજની કામગીરી, માછીમારીના વ્યવસાય, તેમના બાળકોના શિક્ષણ, રોજગારી, આવક અને વેપાર સંબંધિત વિવિધ બાબતોની ચર્ચા કરી. શ્રી પટેલે પાટા ડુંગરી ખાતે આવેલી નીર વાટિકામાં વડના રોપાનું વાવેતર પણ કર્યું.

GUJARAT MOTOR VEHICLE

રાજ્યમાં હવે કોઈ પણ પ્રકારના ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો લખવા પર પ્રતિબંધ મુકાયો છે. સત્તાવાર યાદી મુજબ, ખાનગી વાહનો પર જાતિ દર્શાવતા શબ્દ લખીને કે ચિહ્ન પ્રદર્શિત કરીને જાતિગત ઓળખને પ્રદર્શિત કરવાની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા સરકાર દ્વારા આ નિર્ણય કરાયો. તે મુજબ, હવે તમામ પ્રકારના ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો, જાતિ દર્શાવતા સંકેત, આકૃતિઓ કે લખાણ પ્રદર્શિત નહીં કરી શકાય. સરકારે આ માટે ગુજરાત મોટર વાહન નિયમ 1989માં સુધારા કરીને આ અંગે સ્પષ્ટ જોગવાઈ કરી છે.

STATE POLICE RECRUITMENT

રાજ્ય પોલીસમાં ત્રણ હજાર વિવિધ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. તે મુજબ લોકરક્ષક દળની બે હજાર 841 સહિત ટેક્નિકલ સંવર્ગની વિવિધ જગ્યાઓ પર ભરતી કરાશે. ઉમેદવારો આગામી 26 નવેમ્બરે બપોરે બે વાગ્યાથી ઑજસ વેબસાઈટ પરથી પરીક્ષા માટે ઑનલાઈન અરજી કરી શકશે. તમામ ઉમેદવારોની સીધી ભરતી કરાશે તેમ, ગુજરાત પોલીસ ભરતી બૉર્ડની યાદીમાં જણાવાયું.

ACCIDENT IN STATE

રાજ્યમાં બે અલગઅલગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. ભરૂચમાં દેરોલ નજીક એક્સપ્રેસ હાઈવે પર લક્ઝરી બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાતા બે મુસાફરના મોત થયાના અહેવાલ છે. જ્યારે ઈજાગ્રસ્ત થયેલાં 30થી વધુ લોકો સિવિલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ અંગે 108 ઈમરજન્સી સેવાનાં EMT આસ્મા શેખે વધુ માહિતી આપી.

તો, મોરબીમાં નવલખી રાજમાર્ગ પર રિક્ષા અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બે યુવકના મોત નીપજ્યા. જ્યારે ઈજાગ્રસ્ત રિક્ષાચાલકને હૉસ્પિટલ ખસેડાયા છે. આ અંગે મોરબી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી.

SOMNATH LOKMELO

ગીરસોમનાથ જિલ્લાના સોમનાથ ખાતે આજથી પાંચ દિવસના ભવ્ય લોકમેળાનો પ્રારંભ થશે. કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે સદભાવના મેદાનમાં આગામી 24 તારીખ સુધી યોજાનારો આ મેળો બપોરે ત્રણ વાગ્યે ખૂલ્લો મુકાશે, જેમાં અંદાજે 35 જેટલી રાઈડ્સ મુકવામાં આવી છે. ઉપરાંત મોતનો કૂવો, ત્સુનામી, મિક્સરકાર અને જલપરી શૉ જેવા આકર્ષણ પણ મુલાકાતીઓ માટે રજૂ કરાશે તેમ શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું.

JND LILI PARIKRAMA

જુનાગઢમાં ગિરનાર પર્વત ફરતે આજથી લીલી પરિક્રમાનો પ્રારંભ થઈ ગયો છે. સામાન્ય રીતે કારતક સુદ એકાદશીની રાત્રે 12 વાગ્યે પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ થતો હોય છે, પરંતુ ગઈકાલ સાંજ પછી જ ભવનાથ તળેટીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા વનવિભાગ દ્વારા આજે સવારે છ વાગ્યાથી લીલી પરિક્રમા માટે દરવાજો ખોલી દેવાયો. વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, પરંપરા પ્રમાણે રાત્રે 12 વાગ્યે પરિક્રમાના દરવાજા પાસે પાલખીયાત્રા, પૂજન અને શ્રીફળ વધેરીને પરિક્રમાની શરૂઆત કરાશે. આ અંગે એક શ્રદ્ધાળુએ પ્રતિભાવ આપ્યો.